# પ્રકરણ – 10 નેતૃત્વ

(1) નેતા

જવાબઃ- સામાન્યરીતે નેતા જૂથની એક એવી અગ્રેસર વ્યકિતછે જે પોતાના જૂથના સભ્યોની પ્રવૃતિઓ અને માન્યતાઓ પર સૌથી વધુ અસર પહોંચાડે છે. જૂથનાં ધ્યેયો તેમજ વિચારસરણીને સાકાર કરવામાં કેન્દ્રવર્તી ભૂમિકા ભજવે છે.

(2) કરિશ્માતી નેતા.

જવાબઃ- જે નેતામાં લોકો દ્વારા અતિ અદભુત શકિતનું આરોપણ થાય તેને કરિશ્માતી નેતા કહેછે. લોકો આવા નેતામાં ચુંબકીય કે જાદુઈ આકર્ષણ અને આધિ-ભૌતિક ગુણ હોવાની માન્યતા ધરાવે છે.

(3) આપખુદ નેતૃત્વ.

જવાબઃ- જે જૂથમાં નેતૃત્વ આપખુદ અભિગમવાળું અને એક વ્યકિતમાં સંપૂર્ણ કેન્દ્રિત થયેલું હોય તેને 'આપખુદ નેતૃત્વ' કહે છે.

(4) લોકશાહી નેતૃત્વ

જવાબઃ- જે જૂથમાં નેતૃત્વ લોકશાહી અભિગમવાળું,લોકાભિમુખ હોય તેને 'લોકશાહી નેતૃત્વ' કહે છે:

(5) નેતૃત્વ

જવાબઃ-નેતૃત્વ એ લોકોને પ્રોત્સાહિત કરવાનું કે દોરવાનું સામર્થ્ય છે. જે વ્યકિતમાં સ્થાન કે સતાથી નિરપેક્ષપણે તેના વ્યકિતગત ગુણો દ્વારા આવે છે.

## નીચેનાં વિધાનોમાં યોગ્ય શબ્દો વડે ખાલી જગ્યા પુરો.

(6) આધુનિક લોકશાહીના યુગમાં સમાજની અને દેશની પ્રગતિમાં ..............જ સૌથી મહત્વનો ફાળો આપે છે.

(7) ......................એ પારસ્પરિક ઉદ્દીપનની પ્રક્રિયા છે.

(8) સામાજિક અને સાંસ્કૃતિક સંજોગો પ્રમાણે ................માં ફેરફાર થાય છે.

(9) કહેવાતી ગૂઢ, ચમત્કારિક શકિત, દૈવીશકિત કે ગુણને લીધે જે વ્યકિતને નેતૃત્વ પ્રાપ્ત થાય છે. તેને ...................નેતા કહે છે.

(10) સભ્યો નેતાને આદર્શ માની તેનામાં ................જુએ છે.

(11) .....................નેતૃત્વ સમૂહની પ્રવૃતિઓમાં સાથે મળીને કામ કરતી શકિતઓ, આવડતો અને



Scanned with CamScanner

લોકહિતની લાગણીના સંયોજન સ્વરૂપે ઉદ્ભવે છે.

(12) ....................નેતૃત્વમાં સતાનું કેન્દ્રિકરણ થયેલું હોય છે.

(13) ....................નેતૃત્વમાં નેતા અનુજ્ઞારૂપ ભૂમિકા ભજવે છે.

(14) નેતા જુથને ....................ભૂમિકા પૂરી પાડે છે.

(15) લોકશાહી નેતૃત્વમાં સતાનું ....................થયેલું હોય છે.

જવાબ:- (6) નેતા (7) નેતૃત્વ (8) નેતૃત્વ (9) કરિશ્માતી (10) પિતૃ-પ્રતિમા (11) અનૌપચારિક (12) આપખુદ (13) લોકશાહી (14) કેન્દ્રવતી (15) વિકેન્દ્રીકરણ

(16) આપખુદ નેતૃત્વમાં સતાનું ....................થયેલું હોય છે.

(17) નેતૃત્વ એ પારસ્પરિક ....................ની પ્રક્રિયા છે.

(18) અનૌપચારિક નેતૃત્વમાં નેતાનો સંપર્ક .............સ્વરૂપનો હોય છે.

(19) નેતાના કાર્યને કે તેની ભૂમિકાને ..................કહેવામાં આવે છે.

(20) .................ના મતે નેતાનો શારીરિક દેખાવ,શારીરિક સ્વાસ્થ્ય, વર્તનરીતિ તથા પહેરવેશ પ્રભાવશાળી હોવાં જરૂરી છે.

(21) લોકશાહી નેતાનું ધ્યેય ......................'હોય છે.

(22) નેતા નિષ્ફળ જાય તો સભ્યો તેને દોષિત ઠેરવી નેતાને.............બનાવે છે.

(23) આપખુદ નેતૃત્વમાં નેતા અને સભ્યો વચ્ચે ...............ઓછું હોય છે.

(24) લોકશાહી નેતા સંઘર્ષના ચાહક નહિ પણ ....................હોય છે.

(25) લોકશાહીમાં વ્યકિતસ્વાંતંત્ર્યને લીધે .............શકિતને વ્યકત કરવાની પૂરી તક મળે છે.

જવાબ:-(16) કેન્દ્રીકરણ (17) ઉદ્દીપન (18) પ્રત્યક્ષ (19) નેતૃત્વ (20) બર્નાડ (21) સર્વજનકલ્યાણ (22) બલિનો બકરો (23) પ્રત્યાયન (24) શાંતિના દૂત (25) સર્જનાત્મક

(26) ..................ઉધોગમાં ભૂમિકા ભજવવાની પ્રયુકિતનો ઉપયોગ કરી નેતૃત્વની તાલીમ આપી.

(27) ..................ઠેરઠેર આશ્રમો સ્થાપી રાષ્ટ્રીય નેતાઓ તૈયાર કર્યા હતા.

(28) આપખુદ નેતૃત્વમાં .......................ને સ્થાન નથી.

જવાબ:- (26) લિપિટે (27) ગાંધીજીએ (28) ટીકા કે સલાહ.

Scanned with CamScanner

નીચેનાંમાંથી યોગ્ય જોડકાં બનાવો.

| અ | બ |
|---|---|
| (29) મેકાઈવર અને પેજ | (29) રાષ્ટ્રીય નેતાઓને તાલીમ |
| (30) એફ.એચ.ઓલપર્ટ | (30) પર્યવેક્ષકોને નેતૃત્વતાલીમ |
| (31) ગાંધીજી | (31) નેતા જુથમાં ઉચું સ્થાન ભોગવી પ્રભાવ પાડી શકે |
| (32) ક્રેચ,ક્રચફિલ્ડ | (32) નેતૃત્વમાં સંપાદિત લક્ષણોને મહત્વ |
| (33) લિપિટ | (33) નેતૃત્વ એ લોકોને પ્રોત્સાહિત કરવાનું સામર્થ્ય છે. |
| (34) બેલવેશ | (34) કરિશ્માતી નેતા. |
| (35) જેંકિન્સ અને સ્ટોડગીલ | (35) ઉધોગોમાં ભૂમિકા ભજવવાની પ્રયુક્તિ |
| (36) હિટલર,ગાંધીજી | (36) શારીરિક શકિત અને ગતિશીલતા. |
| (37) મિલ્સ. | (37) નેતૃત્વનું વર્ગીકરણ |

જવાબ : - (29-33), (30-36), (31-29), (32-37), (33-35), (34-30), (35-31), (36-34), (37-32)

Scanned with CamScanner